


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 311
Dt.: 16-09-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


## ચૂંટણી પંચે કંઈ પણ ખોટું કર્યું હશે તો SIR પ્રક્રિયા રદ કરીશું: સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને સોમવારે (૧૫મી સપ્ટેમ્બર) સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે અમે બિહાર SIR પર આંશિક અભિપ્રાય આપી શકીએ નહીં. અંતિમ નિર્ણય ગમે તે હોય, તે આખા દેશ પર લાગુ પડશે. અમે માનીએ છીએ કે બંધારણીય સત્તા, ચૂંટણી પંચ, બિહારમાં કાયદા અને ફરજિયાત નિયમોનું પાલન કરી રહ્યું છે. જો અમને બિહાર SIRના કોઈપણ તબક્કે ચૂંટણી પંચ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિમાં કંઈ પણ ખોટું જણાશે, તો સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવશે. કેસની સુનાવણી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. અરજદારે પહેલી ઓક્ટોબર પહેલા કેસની સુનાવણીની માંગ કરી હતી. આ દિવસે અંતિમ મતદાર યાદી પ્રકાશિત થવાની છે. પરંતુ કોર્ટે ઈનકાર કરતા કહ્યું કે, ૨૮મી સપ્ટેમ્બરથી દશેરાની રજા છે, પરંતુ કોર્ટ એક અઠવાડિયા માટે બંધ છે. સુપ્રીમ કોર્ટે બિહારમાં SIR કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા માટે સાતમી ઓક્ટોબરની તારીખ નક્કી કરી.

અંતિમ મતદાર યાદીના પ્રકાશનથી મામલાના નિરાકરણમાં કોઈ ફરક પડશે નહીં. કોર્ટે અરજદારોને ખાતરી આપી હતી કે જો કોઈ ગેરકાયદે હશે, તો તે અંતિમ પ્રકાશનને ધ્યાનમાં લીધા વિના આ મામલે હસ્તક્ષેપ કરશે. કોર્ટે આ વાત એડવોકેટ પ્રશાંત ભૂષણના સવાલના જવાબમાં કહી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચ SIRની કવાયતમાં પોતાના મેન્યુઅલ અને નિયમોનું પાલન કરી રહ્યું નથી. કાયદાકીય જરૂરિયાત હોવા છતાં કમિશન આ મામલે મળેલા વાંધાઓ અપલોડ કરી રહ્યું નથી. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ચૂંટણી પંચે દેશભરમાં SIR વિશે વાત કરી હતી. ચૂંટણી પંચે આ સંદર્ભમાં ૧૦મીસપ્ટેમ્બરે એક બેઠક યોજી હતી.ત્યારબાદ અધિકારીઓએ કહ્યું હતું કે આવતા વર્ષે પાંચ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. તેથી ૨૦૨૫ના આગામી મહિનાઓમાં અખિલ ભારતીય મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી શકાય છે. બેઠકમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓએ કોઈપણ લાયક નાગરિકનું નામ મતદાર યાદીમાંથી બહાર ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિ તેમાં ન રહે તે સુનિશ્ચિત કરવા માટે દસ્તાવેજો સૂચવ્યા. ફરીથી ભાર મૂકવામાં આવ્યો કે આ દસ્તાવેજો પાત્ર નાગરિકો માટે સબમિટ કરવા માટે સરળ હોવા જોઈએ. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૬માં આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. ચૂંટણી પંચ દ્વારા શરુ કરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ, દેશભરમાં ડુપ્લિકેટ, મૃત અથવા અયોગ્ય મતદારોની ઓળખ કરવામાં આવશે અને મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવામાં આવશે. ખાસ કરીને એવા મતદારોની ઓળખ કરવામાં આવી રહી છે જેઓ કાયમી અને વર્તમાન બંને સરનામા પર નોંધાયેલા છે.



### ટ્રેડ ડીલ પર ચર્ચા માટે ટ્રમ્પની ખાસ ટીમ દિલ્હીમાં

## ટેરિફ મુદ્દે ભારત-અમેરિકા વચ્ચે સમાધાનની સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે ફરી વેપાર કરાર મુદ્દે ચર્ચાઓ શરૂ થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકાના અધિકારીઓની ટીમ આજે ૧૫ સપ્ટેમ્બરે સોમવારે રાત્રે ભારત આવી રહ્યા છે. તેઓ ક્યાં મુદ્દે ચર્ચાઓ કરવાના છે, તેની હાલ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

એક સરકારી અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકાના વાર્તાકાર અને નેગોશિએટર ભારત પહોંચી રહ્યા છે. આવતીકાલે મંગળવારે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મુદ્દે ચર્ચા થવાની છે. ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ મુદ્દે પણ ચર્ચા થવાની સંભાવના જોવા મળી છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહને અનેક અમેરિકન સાંસદો સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો મુદ્દે ચર્ચા કરી હતી. તેમણે ગત શુક્રવારે ટ્વિટરના માધ્યમથી આ અંગે માહિતી આપી હતી. પ્રતિનિધિ સભાના સભ્ય જેમ્સ

**સરકારી અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમેરિકાના વાર્તાકાર અને નેગોશિએટર ભારત પહોંચી રહ્યા છે**

મોયલાને ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર અને ઉર્જા સહયોગમાં તાજેતરના ઘટનાક્રમો પર માહિતી આપવાની તક મળી હતી. તેમણે જણાવ્યું કે, અમે હિંદ-પેસેફિક ક્ષેત્રમાં અંગત હિતો મુદ્દે વિચારણા કરી છે. વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી યુક્રેન સંઘર્ષના સમાધાન માટે ભારતના સમર્થનની વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે.

રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો. આ સાથે અમેરિકા ભારત પાસેથી ૫૦ ટકા ટેરિફ વસૂલે છે. આ ટેરિફના કારણે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર તણાવ વધ્યો છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી ટ્રેડ ડીલ પણ અટવાઈ હતી. પરંતુ હવે ટ્રમ્પની ટીમની ભારત મુલાકાત વેપાર કરાર મુદ્દે સકારાત્મક સંકેતો આપી રહી છે. ઉલ્લેખનીય છે, કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોના ભોગે અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવા માગતી નથી.

મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ સહિત વેપાર કરતાં S7 દેશો વિરૂદ્ધ આકરૂ વલણ દર્શાવ્યું છે. અમેરિકાએ ભારપૂર્વક કહ્યું હતું કે, માત્ર એકીકૃત પ્રયાસથી જ મોસ્કોના યુદ્ધ મશીનને ફંડિંગ કરતા સ્રોત બંધ કરી શકાશે. અમેરિકાના નાણા મંત્રી સ્કૉટ બેસેન્ટ અને વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન ગ્રીરે શુક્રવારે જી૭ના નાણા મંત્રીઓ સાથે વાતચીત કરી ટ્રમ્પની અપીલ વિશે માહિતી આપી હતી. ટ્રમ્પે આ દેશોને રશિયા સાથે ક્રૂડ વેપાર ન કરવા અપીલ કરી છે. તેમજ ક્રૂડ વેપાર કરનારા દેશો પર ટેરિફ લાદવાની ચીમકી પણ આપી છે.

### નિવાસ સામે દેખાવકારોએ ધરણાં કર્યાં

## નેપાળમાં વચગાળાના નવા પીએમ પણ મુશ્કેલીમાં મુકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમાંડુ,

નેપાળમાં થયેલા પ્રદર્શનોમાં જીવ ગુમાવનારા યુવાનોના પરિવારોએ, વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીના સરકારી નિવાસસ્થાન બહાર મોડી રાત્રે સૂત્રોચ્ચાર કર્યા. સવારથી કાર્કીને મળવા માટે રાહ જોયા બાદ, તેમની ધીરજ ખૂટી ગઈ અને તેમણે સૂત્રોચ્ચાર કરવાનું શરુ કર્યું. આ પ્રદર્શનકારીઓ સુશીલા કાર્કીના ઘર બહાર ધરણા પર પણ બેસી ગયા, જેના કારણે પોલીસ સુરક્ષા વધારવામાં આવી.નેપાળમાં થયેલા આ હિંસક પ્રદર્શનોમાં કુલ 51 લોકોએ જીવ ગુમાવ્યો, જેમાં 21 પ્રદર્શનકારીઓ હતા. આ ઘટનામાં 1300થી વધુ લોકો ઘાયલ થયા. તેમજ હિંસા દરમિયાન 13,000થી વધુ કેદીઓ જેલમાંથી ભાગી ગયા હતા. પ્રદર્શનકારીઓએ ભારે તોડફોડ કરી હતી અને સંસદ ભવન તેમજ સુપ્રીમ કોર્ટમાં આગ લગાવી દીધી હતી. Gen-Z દ્વારા થયેલા આ વિરોધને કારણે નેપાળના વડાપ્રધાન કેપી ઓલીને રાજીનામું આપવું પડ્યું.આ ઘટના બાદ નેપાળની કમાન 73 વર્ષીય સુશીલા કાર્કીને સોંપવામાં આવી. Gen-Zનો ટેકો મળતા જ, તેમણે સત્તામાં આવતાની સાથે જ તાત્કાલિક પગલાં લીધા. તેમણે પૂર્વ વડાપ્રધાન કેપી ઓલી વિરુદ્ધ 8 સપ્ટેમ્બરના પોલીસ દમન મામલે એફઆઈઆર દાખલ કરાવી. આ ઉપરાંત તેમણે શનિવારે આખો દિવસ Gen-Zના પ્રતિનિધિઓ અને અન્ય રાજકીય તેમજ સામાજિક જૂથો સાથે ચર્ચા-વિચારણા પણ કરી.


સુશીલા કાર્કીએ પોતાના કેબિનેટ માટે ઘણા મહત્ત્વના નામોને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને તે નામો રાષ્ટ્રપતિ કાર્યાલયને મોકલી આપ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સૌથી મુખ્ય નામ કુલમાન ઘિસિંગનું છે, જે નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી (NEA)ના ભૂતપૂર્વ ચીફ છે. તેમને ઊર્જા મંત્રાલયનો હવાલો મળી શકે છે, કારણ કે તેઓ નેપાળના પાવર સેક્ટરમાં સુધારા લાવવા માટે જાણીતા છે. આ ઉપરાંત, ઓમપ્રકાશ આર્યલને ગૃહમંત્રી, રામેશ્વર ખનાલને નાણામંત્રી અને બાલાનંદ શર્માને રક્ષામંત્રી તરીકે નિયુક્ત થવાની શક્યતા છે.

### ટેરિફના કારણે ભારત સહિત અનેક દેશો સાથે યુએસના સંબંધો વણસી રહ્યા છે

## અમેરિકા પાસેથી ભારત મકાઈની બોરી પણ ખરીદતું નથી: લ્યુટનિક

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ટેરિફના કારણે ભારત સહિત અનેક દેશો સાથે યુએસના સંબંધો વણસી રહ્યા છે ત્યારે આ યુએસના કોમર્સ સેક્રેટરી હોવર્ડ લ્યુટનિકે ફરી એક વાર ભારત પર પ્રહાર કર્યો છે. લ્યુટનિકે એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યુ હતું કે, પોતાના દેશમાં ૧.૪ અબજ વસતી હોવાની ડંફાસો ભારત મારી રહ્યું છે, પરંતુ અમેરિકા પાસેથી એક બોરી મકાઈ પણ ખરીદતું નથી. ભારત, કેનેડા, બ્રાઝિલ જેવા દેશો યુએસના મહત્ત્વના સાથીદાર રહ્યા છે ત્યારે ટેરિફના મુદ્દે યુએસ દ્વારા મહત્ત્વના સંબંધોમાં મિસ-મેનેજમેન્ટ થઈ રહ્યું હોવાના સવાલ સંદર્ભે લ્યુટનિકે કહ્યુ હતું કે, આ સંબંધો વન-વે જેવા છે, તેઓ અમેરિકામાં સામાન વેચે છે અને લાભ લઈ રહ્યા છે. જો કે પોતાના અર્થતંત્રમાં અમેરિકાના પ્રવેશને અટકાવી રહ્યા છે. અમેરિકાએ દરવાજા ખુલ્લા રાખ્યા ત્યાં સુધી તેઓ આવ્યા અને અમેરિકાનો લાભ લીધો હતો. જો



કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ન્યાયી અને રેસિપ્રોકલ ટ્રેડની વાત કરી રહ્યા છે. ભારત સંદર્ભે લ્યુટનિકે કહ્યું હતું કે, ભારત હંમેશા ૧.૪ અબજની વસતીની ડંફાસ મારે છે. આટલી બધી વસતી હોવા છતાં યુએસ મકાઈની એક બશેલ (એક બશેલમાં ૩૫.૨ લિટર વજન) પણ શા માટે ખરીદતા નથી? ભારત જેવા દેશો દરેક વસ્તુ પર ટેરિફ રાખે છે અને અમેરિકામાં બધું વેચે છે, પરંતુ અમેરિકાની મકાઈ સુદ્ધાં ખરીદતા નથી. તેથી ટ્રમ્પે ટેરિફ ઘટાડવાની વાત કરી છે અને ટેરિફ ના ઘટે તો જેવા સાથે તેવાનો અભિગમ અપનાવ્યો છે.

આ મુદ્દો ન ઉકેલાય ત્યાં સુધી રેસિપ્રોકલ ટેરિફની નીતિમાં કોઈ સમાધાનની શક્યતાને ફગાવી દેતાં લ્યુટનિકે દાવો કર્યો હતો કે, અમેરિકાની ટેરિફ નીતિનો સ્વીકાર ન કરે તો આ દેશો માટે કપરો સમય આવશે અને વિશ્વના સૌથી મોટા ગ્રાહક સમુદાય સાથે વેપાર કરી શકશે નહીં.

### વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની શક્યતા

## GST બાદ મિડલ ક્લાસને વધુ એક રાહતની શક્યતા

### રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ઘટાડો થવાની શક્યતા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

નિકાસ ઓર્ડર અને સરકારી ખર્ચમાં ઘટાડાના કારણે જીડીપી ગ્રોથમાં ઘટાડાની ભીતિ વચ્ચે આ પગલું લેવામાં આવી શકે છે. GSTમાં ઘટાડા બાદ મીડલ ક્લાસને રેપો રેટમાં પણ રાહત મળવાની શક્યતા છે. જેનાથી ખિસ્સા પર બોજો ઘટશે અને માગ વધશે. એચએસબીસી ગ્લોબલ રિસર્ચે પોતાના રિપોર્ટમાં આ અંગે જણાવ્યું હતું કે,અનાજનું મજબૂત ઉત્પાદન, ચોમાસુ સારૂ રહેતાં ગ્રામીણ વપરાશમાં વધારો, પર્યાપ્ત ભંડાર, ક્રૂડના ભાવોમાં ઘટાડો અને ચીનમાંથી સસ્તી નિકાસના કારણે ફુગાવો નીચો રહેવાનો આશાવાદ છે. જેથી આરબીઆઈ વ્યાજના દરોમાં ૦.૨૫ ટકા (૨૫ બેઝિસ પોઈન્ટ)નો ઘટાડો કરી શકે છે. ઉલ્લેખનીય છે, આરબીઆઈએ આ વર્ષમાં રેપો રેટ ફેબ્રુઆરીથી અત્યારસુધીમાં કુલ ૧૦૦ બેઝિસ પોઈન્ટ ઘટાડ્યો છે.આરબીઆઈએ છેલ્લા દોઢ વર્ષથી રેપો રેટ ૬.૫ ટકા પર સ્થિર રાખ્યા બાદ આ વર્ષે ફેબ્રુઆરીથી ઘટાડો કરવાની શરૂઆત કરી હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં રેપોરેટ ૦.૨૫ ટકા ઘટાડ્યો હતો. બાદમાં એપ્રિલમાં વધુ ૦.૨૫ ટકા અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો લાગુ કર્યો હતો. આ સાથે હાલ ૫.૫ ટકા રેપો રેટ લાગુ છે. આગામી એમપીસી બેઠકમાં વ્યાજનો દર ૦.૨૫ ટકા ઘટાડે તો હોમ અને ઓટો લોનધારકોને મોટી રાહત મળશે. બ્રોકિંગ ફર્મે જણાવ્યું કે, ચાલુ ત્રિમાસિક માટે સરેરાશ ફુગાવો ૧.૮ ટકા છે, જે આરબીઆઈના અપેક્ષિત લક્ષ્યાંક ૨.૧ ટકાથી નીચો છે. વધુમાં સપ્ટેમ્બરમાં સીપીઆઈ ફુગાવો ૧ ટકાથી ૧.૫ ટકા નોંધાવાનો અંદાજ છે. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવાનો આંકડો નજીવો વધ્યો છે. પરંતુ તે અપેક્ષિત લક્ષ્યાંકથી ઓછો છે. મોંઘવારીમાં વધારા પાછળનું એક મહત્ત્વનું પરિબળ સોનું રહ્યું છે. ઓગસ્ટમાં સોનાના ભાવમાં સરેરાશ ૪૦ ટકાનો ઉછાળો નોંધાતાં સીપીઆઈ ફુગાવામાં ૪૩ બેઝિસ પોઈન્ટનો વધારો થયો છે.

### પોલીસ સ્ટેશન પર ભીડનો હુમલો

## PM મોદીની મુલાકાતના બીજા દિવસે મણિપુરમાં ફરી હિંસા

**વડાપ્રધાન મોદીની મુલાકાત સંદર્ભે લગાવવામાં આવેલા બેનરો અને ‘કટઆઉટ’ ફાડવા બદલ બે યુવાનોની અટકાયત કરવામાં આવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વોત્તરના રાજ્ય મણિપુરમાં ફરી હિંસા ફાટી નીકળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના બીજા જ દિવસે રવિવારે ચુરાચંદપુરમાં સ્થાનિક લોકોની ભીડ બેકાબૂ થઈ અને પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો.

આ દરમિયાન, તેમની સુરક્ષા દળો સાથે અથડામણ થઈ. સ્થાનિક લોકોએ રેપિડ એક્શન ફોર્સ ના કર્મચારીઓ પર પણ પથ્થરમારો કર્યો હોવાના અહેવાલ છે. ખરેખર તો ચુરાચંદપુર જિલ્લામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત સંદર્ભે લગાવવામાં આવેલા બેનરો અને ‘કટઆઉટ’ ફાડવા બદલ બે યુવાનોની અટકાયત કરવામાં આવી હતી.

ત્યાર બાદ રવિવારે સ્થાનિક ભીડ એકઠી થઈ અને બંનેની મુક્તિની માંગણી સાથે વિરોધ શરૂ કર્યો. ટૂંક સમયમાં ભીડ બેકાબૂ થઈ ગઈ અને હિંસા ભડકી. એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીના જણાવ્યા અનુસાર, ભીડે ચુરાચંદપુર પોલીસ સ્ટેશન પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. બપોરની તસવીરોમાં દેખાવો દરમિયાન તૈનાત કર્મચારીઓ પર ભીડ દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની જાણકારી મળી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ફરજ મેજિસ્ટ્રેટ દ્વારા તેમના જામીન પર સુનાવણી બાદ, બંને વ્યક્તિઓને બાદમાં છોડી દેવામાં આવ્યા હતા.પોલીસે બંને યુવાનોને મુક્ત કર્યા બાદ જ પરિસ્થિતિ સામાન્ય થઈ. પોલીસે અગાઉ દાવો કર્યો હતો કે બંનેની ધરપકડ કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, “દેખાવકારોના દાવાથી વિપરીત બંને વ્યક્તિઓને અચાનક અટકાયતમાં લેવામાં આવ્યા ન હતા, પરંતુ તોડફોડના સ્થળેથી પૂછપરછ માટે લઈ જવામાં આવ્યા હતા.”




# તંત્રી લેખ......

## ગન - કલ્ચરના કારણે અમેરિકાને આઘાત

જગતના જમાદાર ગણાતા અને વિશ્વમાં યુદ્ધ બંધ કરાવવાના પ્રયાસ અને નોબેલ શાંતિ પુરસ્કારના દાવેદાર પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકામાં શાંતિ અને સલામતી નથી. ટ્રમ્પના ખાસ વિશ્વાસુ ગણાતા યુવા નેતા ચાર્લી કિર્કની હત્યા ધોળેદહાડે - યુનિવર્સિટીની ભરી સભામાં ગોળી મારીને કરવામાં આવી તે અમેરિકી શાસન અને ગુપ્તચર એજન્સીઓ સામે પડકાર છે. અમેરિકામાં પ્રમુખ જ્હોન એફ કેનેડીની હત્યા પછી અનેક સ્કૂલોમાં વિદ્યાર્થીઓએ લ્ગન કલ્ચર' મુજબ બેફામ બંદૂક ગોળીબારથી કાળો કેર વર્તાવ્યો છે. કેટલાય નિર્દોષ - કિશોર વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા, પણ શાસકોનાં રૂંવાડાં ફરક્યાં નથી. ગન - બંદૂકની લાઈસન્સ પોલિસીની ચર્ચા થાય છે, પણ પરિણામ શૂન્ય. કારણ કે, અમેરિકનો માને છે કે, બળિયાના બે ભાગ જ! હવે ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર અને પરિવાર જ નહીં - સમસ્ત અમેરિકા ધ્રૂજી ઊઠયું છે. હત્યારાને પકડવા માટે એક લાખ ડોલરનું ઈનામ જાહેર થયું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મૃતક ચાલી કિર્કને મરણોત્તર સર્વોચ્ચ સન્માન આપવાની જાહેરાત કરી છે : પણ સાચું સન્માન તો ગન-કલ્ચરના અંત - ફેરવેલ ટુ આર્મ્સથી જ થઈ શકે. જો કે, ચાર્લી તો ગન રાખવાના અધિકારના પ્રખર હિમાયતી હતા. ઈશ્વરે આપણને આપેલા અન્ય અધિકારોની રક્ષા માટે ગન - અધિકાર જરૂરી છે - કમભાગ્યે ભલે થોડા ઘણા જીવ જતા હોય - એમણે ભરી સભામાં આવો જવાબ આપ્યો ત્યારે એમને કલ્પના નહીં હોય કે ગન કલ્ચર એક વધુ જીવ - લેનાર છે! હત્યારાને પાતાળમાંથી પણ શોધી કાઢવામાં આવશે, પણ તેની ઓળખ અને ભાળ મળે તે પહેલાં જ ટ્રમ્પે કહ્યું છે કે, આ કામ 'રેડીકલ લેફટ' (આપણે નક્સલવાદી કહીએ છીએ)નું છે - જો કે, સમૃદ્ધ અમેરિકામાં લ્પ્રખર ડાબેરીઓ' છૂટથી હરીફરીને હત્યા કરી શકે છે અને એફબીઆઈને ગંધ પણ આવતી નથી? ચાર્લી કોઈ રાજકીય સીડી ચડીને ટ્રમ્પ સુધી પહોંચ્યા ન હતા, પણ અમેરિકાને ફરીથી મહાન બનાવવાના અભિયાનમાં અગ્રણી હતા અને ૩૧ વર્ષની વયે યુવા અમેરિકાના હીરો હતા. ટ્રમ્પના મહત્ત્વના ફન્ડ કલેક્ટર હતા. દેશની ૩૫૦૦ કોલેજની મુલાકાત લઈને વિદ્યાર્થીઓમાં ગ્રેટ અમેરિકાને જાગૃત કરવાનો એમનો પ્લાન હતો.ટ્રમ્પના ભારત-વિરોધી સલાહકારોમાં ચાર્લી મહત્ત્વના હતા.

ટેરિફ વોરમાં ભારત સરકાર સોશિયલ મીડિયાને નાણાં આપીને પ્રચાર કરાવે છે, તે લ્કચરો' બંધ થવો જોઈએ એવી એમની ભલામણ હતી. ભારતને ટેરિફમાં છૂટછાટ અપાય, તો ભારતીય વ્યવસાયીઓનો ધસારો થશે, તેનો એચવન-બી વિઝા માર્ગ બંધ થવો જોઈએ. અમેરિકાએ આઉટસોર્સિંગ ભારતની કંપનીઓથી કરવાને બદલે અમેરિકન કંપનીઓ આપણા યુવાનોને કામ આપે... તાજેતરમાં ટ્રમ્પની સાન ઠેકાણે આવી હોય એમ લાગે છે અને ફરીથી ભારતની મૈત્રીને બિરદાવી રહ્યા છે, ત્યારે ચાર્લીની ખોટ એમને જરૂર સાલશે.

# 'મેદસ્વિતા મુક્તિ અભિયાન'ના માધ્યમથી ગુજરાતના ૧૦ લાખ નાગરિકોનું ૧૦-૧૦ કિ.લો વજન ઘટાડવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો મહાસંકલ્પ :- ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલ રાજપૂત

### 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે, જ્યાં ૧૦ લાખ નાગરિકોનું સંયુક્ત રીતે ૧ કરોડ કિ.લો જેટલું વજન ઓછું થશે :- ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેનશ્રી

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલ રાજપૂતે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં યોગ બોર્ડ દ્વારા 'મેદસ્વિતા મુક્તિ અભિયાન'નું આયોજન કરવામાં આવશે, જે ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કો તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૫, બીજો તબક્કો તા.૦૧થી ૩૧ નવેમ્બર અને ત્રીજો તબક્કો તા. ૦૧થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત યોગના માધ્યમથી રાજ્યના ૧૦ લાખ નાગરિકોનું વ્યક્તિ દીઠ ૧૦ કિ.લો વજન ઘટાડવા માટેનો યોગ બોર્ડે મહાસંકલ્પ કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગના એક્સપર્ટ કોચ દ્વારા યોગના માધ્યમથી એક વ્યક્તિનો ૧૦ કિ.લો વજન ઓછું કરીને રાજ્યના ૧૦ લાખ નાગરિકોનો સંયુક્ત રીતે કુલ ૧ કરોડ કિ.લો જેટલો વજન ઘટાડીને ગુજરાતના નાગરિકોને મેદસ્વિતાથી મુક્તિ આપવાની દિશામાં યોગ બોર્ડ દ્વારા પ્રયત્નો કરવામાં આવશે. યોગ આપણી સંસ્કૃતિ છે.

યોગના માધ્યમથી સ્વાસ્થ્ય વર્ધનની સાથો-સાથ વજન પણ ઓછું થાય છે. 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત યોગશાસ્ત્ર અને આહારશાસ્ત્ર પર અમે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીશું. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૭૫ સ્થળોએ યોગ બોર્ડ અને આરોગ્ય વિભાગની મેડીકલ ટીમ પરિણામલક્ષી કાર્યક્રમો યોજીને નાગરિકોનો બ્લડ ટેસ્ટ, બોડી માસ ઈન્ડેક્સ તૈયાર કરીને સ્થળ પર જ ડાયટપ્લાન આપશે.



વધુમાં શ્રી શીશપાલ રાજપૂતે કહ્યું કે, 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત ભારતમાં ગુજરાત પ્રથમ રાજ્ય હશે, જ્યાં ૧૦ લાખ લોકોનું વજન ઓછું થયું હશે. ગુજરાત યોગ બોર્ડ ફક્ત યોગ દિવસ એટલે કે, ૨૧ જૂને જ કાર્ય નથી કરતું, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહીને નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા કરે છે. યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં આયોજિત ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગ વર્ગોમાં અંદાજિત ૫ લાખથી વધુ નાગરિકો જોડાયા છે. આ યોગ કેમ્પમાં જોડાઈને રાજ્યના નાગરીકોએ ૫ કિ.લો, ૧૦ કિ.લોથી લઈને ૨૦ કિ.લો જેટલું વજન ઘટાડ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન શ્રી શીશપાલે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમ મહાનગરોમાં, જિલ્લાઓમાં, તાલુકા કક્ષાએ રાજ્યમાં કાર્યરત છે. ગુજરાતનાં નાગરિકો યોગી બનીને નિરોગી બને તે દિશામાં યોગ બોર્ડ આગામી સમયમાં ગામે – ગામ સુધી પોતાના યોગ કેન્દ્રોનું આયોજન કરશે. મેદસ્વિતા એ આજે સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. મેદસ્વિતાએ બીમારીઓનો ખજાનો છે. 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' નાગરિકોના તન અને મનનો ભાર ઘટાડવામાં એક અસરકારક પગલું પૂરવાર થશે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ અભિયાનમાં જોડાઈને 'સ્વસ્થ ગુજરાત, સુખી ગુજરાત' બનાવવાની નેમ લીધી છે. આમ રાજ્યના નાગરિકોને 'મેદસ્વિતા મુક્તિ અભિયાન'માં જોડાઈને યોગી અને નિરોગી બનવા તેમણે અનુરોધ કર્યો હતો.

- પ્રિન્સ ચાવલા

# પશ્ચિમ રેલવે ચલાવશે ગાંધીધામ-સિયાલદહ અને ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી (દિલ્લી) વચ્ચે અઠવાડિક સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજા ફેસ્ટિવલ સીઝન દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ગાંધીધામ-સિયાલદહ અને ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી (દિલ્લી) વચ્ચે વિશેષ ભાડા પર અઠવાડિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. વિગતો આ પ્રમાણે છે :

- ટ્રેન નંબર ૦૯૪૩૭/૦૯૪૩૮ ગાંધીધામ-સિયાલદહ-ગાંધીધામ સ્પેશિયલ (૦૮ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૩૭ ગાંધીધામ-સિયાલદહ સ્પેશિયલ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૮ ઓક્ટોબર ૨૦૨૫ સુધી દરેક બુધવારે ગાંધીધામથી ૧૮.૨૫ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૧૬.૧૫ કલાકે સિયાલદહ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૩૮ સિયાલદહ-ગાંધીધામ સ્પેશિયલ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી દરેક શનિવારે સિયાલદાહથી ૦૫.૧૫ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૦૨.૦૦ કલાકે ગાંધીધામ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન સામાખિયાલી, ધ્રાંગધ્રા, અમદાવાદ, છાયાપુરી, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ, ટૂંડલા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્જાપુર, પં. દીનદયાળ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ, ડેહરી ઓનસોન, અનુગ્રહ નારાયણ રોડ, ગયા, કોડરમા, હજારી બાગ, પારસનાથ, એનએસસી બૉસ ગોમો, ધનબાદ, આસનસોલ, દુર્ગાપુર અને બર્દ્ધમાન સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી-૨ ટિયર,એસી-૩ ટિયર, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

- ટ્રેન નંબર ૦૯૨૫૭/૦૯૨૫૮ ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી સ્પેશિયલ (૨૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૨૫૭ ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી સ્પેશિયલ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૨૮ નવેમ્બર ૨૦૨૫ સુધી દરેક શુક્રવારે ભાવનગરથી ૧૩.૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦:૩૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૫૮ શકૂર બસ્તી-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ સુધી દરેક શનિવારે શકૂર બસ્તીથી ૧૩:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦.૪૫ કલાકે ભાવનગર પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, લીંબડી, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબૂરોડ, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્લી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી-૨ ટિયર, એસી-૩ ટિયર (ઈકોનૉમી), સ્લીપર ક્લાસ અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૩૭ અને ૦૯૨૫૭ નું બુકિંગ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

### કરોડો રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર

# કરોડો ડમી નામ દુર કરવા માટે કવાયત હાથ ધરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે જીવનરેખા તરીકે કામ કરતા રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર આવ્યા છે. ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તપાસ બાદ રેશનકાર્ડની પ્રક્રિયાને પારદર્શક બનાવવા અને નકલી કાર્ડ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે, ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તાજેતરમાં નવી માર્ગદર્શિકા બહાર પાડી છે, જે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે. આની સીધી અસર કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર પડશે. હવે કાર્ડધારકોને માત્ર ઘઉં અને ચોખા જ નહીં, પણ મીઠું, બાજરી અને રસોઈ તેલ જેવી વસ્તુઓ પણ મળશે. ઘણા રાજ્યોમાં આ મફત હશે, જ્યારે કેટલીક જગ્યાએ તેમને સબસિડીવાળા દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સાથે સંકળાયેલા પરિવારોને ગેસ સિલિન્ડર પર ડિસ્કાઉન્ટ અથવા મફત સુવિધા પણ મળી શકે છે. પહેલા પ્રતિ વ્યક્તિ ૫ કિલો ઘઉં અને ચોખા ઉપલબ્ધ હતા, હવે તેને વધારીને ૭-૭ કિલો કરવાની યોજના છે. આનાથી મોટા પરિવારોને રાહત મળશે અને પોષણ સ્તરમાં સુધારો થશે.

રાશનકાર્ડ સંબંધિત તમામ લાભો મેળવવા માટે, હવે e-KYC કરાવવું જરૂરી બનશે. આમાં આધાર અને જરૂરી દસ્તાવેજોની ડિજિટલ ચકાસણી પ્રક્રિયાનો સમાવેશ થાય છે. જે લોકો આ પ્રક્રિયા સમયસર પૂર્ણ નહીં કરે તેમના નામ યાદીમાંથી દૂર કરવામાં આવશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે પરિણીત પુત્રીઓ, મૃત સભ્યો અથવા અન્યત્ર સ્થાયી થયેલા લોકોના નામ રેશનકાર્ડમાંથી દૂર કરવામાં આવશે. તેનો હેતુ ફક્ત વાસ્તવિક લાભાર્થીઓને જ સુવિધાઓ પૂરી પાડવાનો છે. ખાદ્ય પદાર્થોની સાથે, દર મહિને ૧૦૦૦ રૂપિયાની સીધી નાણાકીય સહાય પાત્ર પરિવારોના બેંક ખાતામાં મોકલવામાં આવશે. તહેવારો દરમિયાન આ રકમ ૨૦૦૦ રૂપિયા સુધી પણ વધારી શકાય છે.

સરકારનો દાવો છે કે આ ફેરફારો વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવશે અને ફક્ત જરૂરિયાતમંદ લોકોને જ સંપૂર્ણ લાભ મળશે.

### નવો નિયમ પહેલી ઓક્ટોબરથી લાગુ થશે

# આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટ્રેનની મુસાફરી કરવા માટે એડવાન્સમાં એટલે કે ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવનારાઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ભારતીય રેલવેએ ટિકિટ બુકિંગમાં થતી ગેરરીતિઓને અટકાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. આ મુજબ આગામી મહિનાની પહેલી તારીખથી ઓનલાઈન ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મહત્ત્વનો ફેરફાર થવા જઈ રહ્યો છે.

પહેલી ઓક્ટોબરથી લાગુ થનાર નવા નિયમ મુજબ રિઝર્વેશન ખુલ્યાની શરૂઆતની ૧૫ મિનિટમાં માત્ર આધારનું વેરિફિકેશન ધરાવનારા લોકો જ ટિકિટ બુકિંગ કરાવી શકશે. એટલે કે આ દરમિયાન જેનું આધાર વેરિફિકેશન થયેલું હશે તેઓને જ ૧૫ મિનિટમાં તેનો લાભ મળશે.

આ નિયમ IRCTCની વેબસાઈટ અને મોબાઈલ એપ બંને પર લાગુ થશે. અત્યાર સુધી આવો નિયમ માત્ર તત્કાલ બુકિંગ પર લાગુ હતો, જોકે હવે સામાન્ય રિઝર્વ ટિકિટ પર પણ લાગુ થશે.

રેલવેનો ઉદ્દેશ્ય ટિકિટ રિઝર્વેશન સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો અને જરૂરિયાતવાળા મુસાફરોને પ્રાથમિકતા આપવાનો છે. આ નિર્ણયથી ટિકિટ મેળવવાનો પ્રયાસ કરનારા મુસાફરોને સીધો ફાયદો થશે અને દલાલો-બ્રોકર્સ દ્વારા ટિકિટ બ્લોક કરવાના પ્રયાસો અટકી જશે.

### નાણાં મંત્રાલયના અધિકારીના મોત પર પુત્રનો સવાલ

# મારા પિતાનો જીવ બચી ગયો હોત, ૨૨ કિમી દૂર કેમ લઈ ગયા?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારના આર્થિક બાબતોના વિભાગના ઉપસચિવ નવજોત સિંહનું દિલ્હીના ધૌલા કુઆન વિસ્તારમાં રિંગ રોડ પર રોડ અકસ્માતમાં મૃત્યુ નિપજ્યું હતું.

નવજોત સિંહ તેમની પત્ની સાથે બંગલા સાહિબ ગુરુદ્વારાથી હરિ નગર સ્થિત તેમના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે BMW કારે તેમની બાઈકને ટક્કર મારી હતી, જેમાં તે અને તેમની પત્ની બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હવે નવજોત સિંહના મોત પર તેમના દીકરાએ સવાલ ઉઠાવ્યા છે.

નવજોત સિંહના પુત્ર નવનૂર સિંહનો આરોપ છે કે, અકસ્માત પછી મારા પિતાને મોટી સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ કે AIIMS જેવી સંસ્થામાં લઈ જવાને બદલે ૨૨ કિમી દૂર એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નહોતી. મારા માતાપિતાને એમ્બ્યુલન્સને બદલે ડિલિવરી વાનમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. યોગ્ય સારવારના અભાવે મારા પિતાનું મૃત્યુ થયું છે.

નવનૂરે જણાવ્યું કે, મારા માતા-પિતા બંગલા સાહિબ ગુરુદ્વારાથી પરત ફરી રહ્યા હતા અને કર્ણાટક ભવનમાં જમવા માટે રોકાયા હતા. જ્યારે આ અકસ્માત સર્જાયો ત્યારે તેઓ ધૌલા કુઆન થઈને હરિ નગર જઈ રહ્યા હતા. તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાને બદલે અકસ્માત સ્થળથી લગભગ ૨૨ કિમી દૂર આવેલી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

તેમણે દાવો કર્યો કે, મારી માતા ગંભીર હાલતમાં હોવા છતાં તેમને હોસ્પિટલની લોબીમાં બેસાડવામાં આવ્યા હતા, તે પીડાથી ચીસો પાડી રહી હતી જ્યારે BMW ડ્રાઈવરના પતિ, જેને સામાન્ય ઈજાઓ થઈ હતી, તેને તાત્કાલિક દાખલ કરવામાં આવ્યો. બેદરકારી અને વિલંબને કારણે મારા પિતાનું મૃત્યુ થયું છે. બાદમાં પરિવારે માતાને વધુ સારી સારવાર માટે વેંકટેશ્વર હોસ્પિટલમાં દાખલ કરી.

દિલ્હી પોલીસે જણાવ્યું કે, કલમ **281/125B/105/238 BNS** હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન FSL ટીમ અને ક્રાઈમ ટીમે અકસ્માત સ્થળનું નિરીક્ષણ કર્યું છે. અકસ્માતમાં સામેલ બંને વાહનો BMW અને મોટરસાઈકલની પણ તપાસ કરવામાં આવી રહી છે. આરોપી મહિલા અને તેનો પતિ હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. વધુ તપાસ ચાલુ છે.

# ૧૯ સપ્ટેમ્બરથી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસ અને શકૂર બસ્તી સ્ટેશનો વચ્ચે સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન દોડશે

મુસાફરોની માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળથી એક વધુ મહત્વપૂર્ણ સુવિધા આપવામાં આવી રહી છે. ભાવનગર ટર્મિનસથી શકૂર બસ્તી વચ્ચે વિશેષ ભાડે સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબઃ-

ટ્રેનનું વિગત

- ટ્રેન નંબર ૦૯૨૫૭ ભાવનગર ટર્મિનસ – શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશ્યલ

આ ટ્રેન ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૫ સુધી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસ થી બપોરે ૧૩.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે શનિવારે સવારે ૧૦.૩૫ વાગ્યે શકૂર બસ્તી પહોંચશે.

- ટ્રેન નંબર ૦૯૨૫૮ શકૂર બસ્તી – ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક સ્પેશ્યલ

આ ટ્રેન ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૫ સુધી દર શનિવારે શકૂર બસ્તીથી બપોરે ૧૩.૧૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રવિવારે સવારે ૧૦.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

ઠેરાવો

બંને દિશામાં આ ટ્રેન ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, લીંબડી, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, મહેસાણા, પાળનપુર જં., આબુરોડ, મારવાડ જં., બ્યાવર, અજમેર જં., કિશનગઢ, જયપુર જં., ગાંધીનગર જયપુર, દૌસા જં., બાંદીકુઈ જં., અલવર જં., રેવાડી જં., ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર ઠહેરશે.

સંરચના

આ ટ્રેનમાં દ્વિતીય શ્રેણી, શયનયાન, થર્ડ એસી, થર્ડ એસી ઈકોનોમી અને સેકંડ એસી કોચ શામેલ રહેશે.

આરક્ષણ

ટ્રેન નંબર ૦૯૨૫૭ માટે ટિકિટોની બુકિંગ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર) થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે.

મુસાફરોને વિનંતી છે કે આ ટ્રેનના સમય, ઠેરાવ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** પર અવલોકન કરે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

# ભાવનગરના સવારી ડબ્બા મરામત કારખાનામાં હિન્દી પખવાડા – ૨૦૨૫ નો શુભારંભ

### હિન્દી દિવસના ઉપલક્ષ્યે હિન્દી પખવાડા – ૨૦૨૫ દરમિયાન બે અઠવાડિયા સુધી યોજાશે રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર સંબંધિત વિવિધ સ્પર્ધાઓ

ભાવનગર પરા સ્થિત પશ્ચિમ રેલવેના સવારી ડબ્બા મરામત કારખાનાના રાજભાષા વિભાગ દ્વારા હિન્દી દિનના ઉપલક્ષ્યે તા. ૧૫-૦૯-૨૦૨૫ ના રોજ હિન્દી પખવાડિયું – ૨૦૨૫ નો શુભારંભ કરવામાં આવ્યો. બે અઠવાડિયા સુધી ચાલનાર આ પખવાડિયામાં રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર સંબંધિત વિવિધ સ્પર્ધાઓ યોજાશે. કારખાનાના અધિકારીઓ – કર્મચારીઓ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેશે. ૧૫ સપ્ટેમ્બરથી શરૂ થયેલ આ પખવાડિયાનો સમાપન ૨૯ સપ્ટેમ્બરે પુરસ્કાર વિતરણ સાથે કરવામાં આવશે.

પશ્ચિમ રેલવેના સવારી ડબ્બા મરામત કારખાનાના રાજભાષા વિભાગ દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં હિન્દી પખવાડિયુંનું આયોજન કરવામાં આવે છે.

૧૯.૦૯.૨૦૨૫ ના રોજ હિન્દી પખવાડિયાના અવસરે કારખાનાના ઉપ મુખ્ય યાંત્રિક ઈજનેર શ્રી સૌરભ સિંહે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક મહોદય શ્રી વિવેક કુમાર ગુપ્તાનો હિન્દી દિવસ સંદેશ વાંચ્યો અને કર્મચારીઓને વધુમાં વધુ કાર્ય હિન્દીમાં કરવા આહ્વાન કર્યું.

શ્રી સૌરભ સિંહે જણાવ્યું કે કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આદેશ મુજબ ૧૪ સપ્ટેમ્બરે હિન્દી દિવસ પછી ભાવનગર પરા સ્થિત રેલવેના સવારી



ડબ્બા મરમ્મત કારખાનામાં રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર માટે આ પખવાડિયું મનાવવામાં આવે છે. ૧૫ સપ્ટેમ્બરે પખવાડિયાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો અને 'અપની પસંદ અપની પ્રસ્તુતિ' સ્પર્ધાનું આયોજન થયું.

આ સ્પર્ધામાં કારખાનાના કર્મચારીઓએ પોતાની પસંદગીની વિધામાં પ્રસ્તુતિ આપી પોતાની પ્રતિભા દર્શાવી અને હિન્દીમાં કાવ્યપાઠ, વ્યંગ્ય, વાર્તા, ભાષણ, ગીત જેવી વિવિધ રજૂઆતો કરી.

રાજભાષા વિભાગ તરફથી સહાયક નાણાં સલાહકાર તથા સંચાર રાજભાષા અધિકારી શ્રી રત્નેશ કુમારે જણાવ્યું કે હિન્દી પખવાડિયુંના આયોજનનો હેતુ અધિકારીઓ-કર્મચારીઓને રાજભાષા હિન્દી સાથે સંબંધિત બંધારણીય ફરજો અંગે જાગૃત કરવો અને તમામ કચેરીય કાર્ય હિન્દીમાં કરવા પ્રોત્સાહિત કરવો છે. પખવાડિયું – ૨૦૨૫ દરમિયાન ૧૬ સપ્ટેમ્બરે અધિકારીઓ માટે રાજભાષા જ્ઞાન સ્પર્ધા, ૧૭ સપ્ટેમ્બરે હિન્દી ટિપ્પણ અને સુલેખન સ્પર્ધા, ૧૮ સપ્ટેમ્બરે હિન્દી નિબંધ સ્પર્ધા અને ૧૯ સપ્ટેમ્બરે અધિકારીઓ માટે ફોટો કેપ્શન સ્પર્ધા તથા કર્મચારીઓ માટે સામાન્ય અને રાજભાષા જ્ઞાન સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. શ્રી રત્નેશ કુમારે જણાવ્યું કે ૨૯ સપ્ટેમ્બરે તમામ સ્પર્ધાઓના વિજેતાઓને પુરસ્કાર અર્પણ કરીને આ પખવાડિયાનો વિધિવત સમાપન કરવામાં આવશે.

હિન્દી પખવાડિયુંનું આયોજન રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસારમાં માટે કરવામાં આવે છે. આ દરમિયાન અધિકારીઓ – કર્મચારીઓને રાજભાષા હિન્દીમાં કામ કરવામાં મદદરૂપ થવા સાથે તેઓને આ સાથે સંબંધિત માહિતી પણ આપવામાં આવે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૪૭ અને ચાંદીના વાયદામાં રૂ.૩૧૧ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪નો સુધારો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૩૦૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૦૦૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૮૮૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૫૭૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૦૩૧૭.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૩૦૮.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૦૦૮.૮૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૫૭૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૦૬૯.૩૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૮૮૨.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૨૫૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૩૫૯ અને નીચામાં રૂ.૧૦૮૯૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૩૭૦ના આગલા બંધ સામે રૂ.૩૪૭ ઘટી રૂ.૧૦૯૦૨૩ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૯૯ ઘટી રૂ.૮૭૪૭૦ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૧૦૯૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૪ ઘટી રૂ.૧૦૮૯૫૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૩૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૫૬૦ અને નીચામાં રૂ.૧૦૯૧૩૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૯૪૮૭ના આગલા બંધ સામે રૂ.૧૯૫ ઘટી રૂ.૧૦૯૨૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૭૧૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૯૧૨૩ અને નીચામાં રૂ.૧૨૭૧૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૮૮૩૮ના આગલા બંધ સામે રૂ.૩૧૧ ઘટી રૂ.૧૨૮૫૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૩૪ ઘટી રૂ.૧૨૮૪૧૦ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૩૯ ઘટી રૂ.૧૨૮૪૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૬૨૯.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૧૧ અને નીચામાં રૂ.૩૮૪૦ના મથાળે અથડાઈ, રૂ.૭૭ ઘટી રૂ.૩૮૪૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૮૬ અને નીચામાં રૂ.૫૫૩૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૨૬ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૫૫૪૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૨ વધી રૂ.૫૫૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૫૯.૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૨૫૯.૮ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૦ના ભાવે ખૂલી, રૂ.૧૮.૫ વધી રૂ.૯૯૩ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૩ના ભાવે ખૂલી, રૂ.૯ ઘટી રૂ.૨૫૬૨ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૦૮૪.૭૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૭૯૮.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૧૧૬૮.૯૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૩.૮૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૬.૦૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૭.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨૭.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૬૩.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૯૩૮.૬૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૩.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૭૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૧૩૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૫૪૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૬૯૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૩૨૭૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૪૦૩૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૬૨૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૪૨૦૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૦૨૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૫૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૯૨૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૬૭૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૫૯૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૬૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૫૩૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૬ પોઈન્ટ ઘટી ૨૫૫૭૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૫૦ પૈસા વધી રૂ.૪૬.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૯.૩૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮.૫ ઘટી રૂ.૬૬૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૬.૫ ઘટી રૂ.૫૭૮ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૩ પૈસા ઘટી રૂ.૪.૮૨ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા વધી રૂ.૩.૨૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૧ ઘટી રૂ.૫૨.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા વધી રૂ.૯.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬ વધી રૂ.૩૨૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૬.૫ ઘટી રૂ.૮૦૭ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૨.૮૫ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૬ પૈસા ઘટી રૂ.૨.૬ થયો હતો.

બેંકમાં બચત ખાતુ ધરાવતા ખાતેદાર આ યોજનાનો લાભ લઈ શકશે

## ગુજરાતમાં 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના' હેઠળ અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૨.૦૧ કરોડથી વધુ લાભાર્થીઓ જોડાયા

**આ યોજનામાં વાર્ષિક માત્ર રૂ.૨૦માં ૭૦ વર્ષની ઉંમર સુધી રૂ. ૨ લાખ સુધીનું વીમા કવરેજ ઉપલબ્ધ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' અંતર્ગત ગુજરાતમાં 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના'માં તા. ૨૭ ઓગસ્ટ-૨૦૨૫ની સ્થિતિએ રેકોર્ડબ્રેક કુલ ૨.૦૧ કરોડથી વધુ લાભાર્થીઓ જોડાયા છે. આ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર રૂ.૨૦ ભરીને પોતાના આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં રૂ. ૧ થી ૨ લાખ સુધીનું વીમા સુરક્ષા કવચ લઈને પોતાના પરિવારની આર્થિક સુરક્ષા વધુ સુનિશ્ચિત કરી છે. આ યોજના અંતર્ગત આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં, ખાસ કરીને ઓછી આવક ધરાવતા તેમજ અસંગઠિત ક્ષેત્રના કામદારોને નજીવા દરે વ્યક્તિગત અકસ્માત વીમા કવરેજ પુરૂ પાડવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના છેવાડાના સામાન્ય નાગરિક-શ્રમિકો માટે વિવિધ સામાજિક અને આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આમાં મુખ્યત્વે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના- **PMSBY**, પ્રધાનમંત્રી જન ધન યોજના- **PMJDY**, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના- **PMJJBY** તેમજ અટલ પેન્શન યોજના- **APY** એમ કુલ ચાર યોજનાઓનો સમાવેશ થાય છે.

ભારત સરકારના ઉપક્રમે ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં ગત તા. ૦૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી ત્રણ મહિના માટે વિશેષ રીતે નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત દેશભરમાં 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે.

કેન્દ્રની આ યોજનાઓનો લાભ રાજ્યના છેવાડાના નાગરિકને ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાતની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતો તથા શહેરી સ્થાનિક સંસ્થાનોમાં આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં મદદરૂપ થવા સેવારત ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-**VCE**ને આ જવાબદારી આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તાજેતરમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અભિયાન હેઠળ જે નાગરિકોને બેંકમાં ખાતું ના હોય તો ખોલાવવા ઉપરાંત **KYC** તેમજ જે ખાતામાં વારસદારોની નોંધણી બાકી હોય તેમાં નોંધણી કરાવવી, ડિજિટલ છેતરપિંડી નિવારણ, બેંકમાં દાવા વગરની થાપણો અંગે વિવિધ જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સંદર્ભે વધુ વિગતો માટે નજીકની બેંક શાખા, બેંક મિત્ર કે **VCE**ને સંપર્ક કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા 'વિકસિત ભારત'ના વિઝન અંતર્ગત 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન'ને ગુજરાતમાં સફળ બનાવવા રાજ્ય સ્તરીય પ્રારંભ ગત તા. ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાંથી કરાયો હતો. જેનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. **PMSBY** યોજનાનો લાભ લેવા બેંકમાં બચત ખાતું તેમજ ૧૮ થી ૭૦ વર્ષ આયુ ધરાવતા હોવા જોઈએ. જેમાં આકસ્મિક મૃત્યુ અથવા સંપૂર્ણ કાયમી અપંગતા માટે રૂ. બે લાખ તેમજ આંશિક કાયમી અપંગતા માટે રૂ. એક લાખના વીમા કવરેજનો લાભ આપવામાં આવે છે. આ યોજનાની વધુ માહિતી માટે **https://jansuraksha.in/pmsbyScheme**, હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૧૦-૦૦૧ નજીકની બેંક શાખા તથા ઓનલાઈન બેંકિંગ પોર્ટલ-મોબાઈલ એપનો ઉપયોગ કરી શકાશે. જેનો પાત્રતા ધરાવતા તમામ નાગરિકોએ લાભ લેવા નાણા વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. - જનક દેસાઈ

## "દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત કુટુંબની એક ગાય નિભાવ ખર્ચમાં સહાયની યોજના"નો લાભ મેળવવા ખેડૂતોએ આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર સત્વરે અરજી કરવી

**આ યોજના માટે આઈ-ખેડૂત પોર્ટલ હવે માત્ર બે દિવસ એટલે કે, તા. ૧૭ સપ્ટેમબર, ૨૦૨૫ સુધી જ ખુલ્લું રહેશે**

ગુજરાતમાં રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોથી પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સહાય સહિતના અનેકવિધ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યા છે. જે પૈકી પ્રાકૃતિક કૃષિ માટે સૌથી જરૂરી એવી દેશી ગાયના નિભાવ ખર્ચ માટે પણ ખેડૂતોને સહાય આપવામાં આવે છે. "દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત કુટુંબની એક ગાય નિભાવ ખર્ચમાં સહાયની યોજના" હેઠળ જે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા હોય અથવા કરનાર હોય, આઈડેન્ટિફિકેશન ટેગ વાળી દેશી ગાય ધરાવતા હોય તેમજ પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી હોય તેવા ખેડૂતોને ગાયના નિભાવ માટે સહાય આપવામાં આવે છે. અગાઉના વર્ષોમાં રાજ્યના જે ખેડૂતો મિત્રોએ આ યોજના હેઠળ સહાય મેળવવા અરજી કરી હોય અને ચાલુ વર્ષે તેનો લાભ મળનાર હોય તેવા લાભાર્થીઓ સિવાયના અન્ય ખેડૂતો આ યોજના હેઠળ સહાય મેળવવા આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર અરજી કરી શકશે. આ યોજના માટે નવી અરજીઓ મેળવવા આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ ગત તા. ૮ સપ્ટેમ્બરથી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું, જે આગામી તા. ૧૭ સપ્ટેમ્બર સુધી ખુલ્લું રહેશે. હજુ પણ જે ખેડૂતોએ આ યોજના માટે અરજી કરવાની બાકી હોય, તેમણે સમય મર્યાદામાં પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

- નિતિન રથવી

હવે પોલીસ સ્ટેશનોનું રેક્રિંગ નાગરિકોને મળતી સુવિધા પર થશે

## ગુજરાતના પોલીસ સ્ટેશનોનું રેક્રિંગ હવે સિટીઝન સેન્ટ્રીક કામગીરી અને સુવિધાઓ પર આધારિત થશે

**નવા રેક્રિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છેઃ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય**

ગુજરાતના પોલીસ સ્ટેશનોના રેક્રિંગ માટેની પદ્ધતિમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ માત્ર ગુનાના આંકડા (ક્રાઈમ સ્ટેટેસ્ટિક્સ) પર આધારિત થતું રેક્રિંગ હવે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની સૂચનાથી સિટીઝન સેન્ટ્રીક (નાગરિક-કેન્દ્રિત) કામગીરી અને સુવિધાઓ પર આધારિત રહેશે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ફેરફાર **DG-IG** કોન્ફરન્સ ૨૦૨૪ના મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. હવેથી, રાજ્યના દરેક શહેર અને જિલ્લામાં વર્ષમાં બે વખત આ નવા પેરામીટર્સના આધારે પોલીસ સ્ટેશન રેક્રિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહ્યું છે. આ રેક્રિંગમાં લગભગ ૪૦ જેટલા અલગ-અલગ નાગરિક-કેન્દ્રિત મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે.

નવા માપદંડઃ

નવા રેક્રિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જેમાં, અરજીઓનું ઝડપી નિવારણ, 'શી' (**SHE**) ટીમ દ્વારા સિનિયર સિટીઝન સાથેની મુલાકાતો, પોલીસના ગેરવર્તનની અરજીઓ, 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' અને 'તેરા તુજકો અર્પણ' જેવા કોમ્યુનિટી પોલીસિંગ કાર્યક્રમોનો અમલ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા, હાઈજેનિક મહિલા શૌચાલયની વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા, રાહત કક્ષ (**Waiting Area**) અને તેમાં નાગરિકો માટેની સુવિધાઓ, વૃક્ષારોપણ કાર્યક્રમો, સીસીટીવી કેમેરા અને ફાયર સેફ્ટી જેવી પાયાની સુવિધાઓને પણ ગુણ આપવામાં આવશે.

એટલું જ નહીં, સંબંધિત પોલીસ સ્ટેશનના **PSO** અને **SHO** દ્વારા સરકારી નંબરનો ઉપયોગ પણ આ મૂલ્યાંકનમાં સામેલ કરવામાં આવ્યો છે. આ નવી પદ્ધતિ મુજબ, દરેક શહેર અને જિલ્લાના પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર પોલીસ સ્ટેશનને રાજ્યના પોલીસ વડાશ્રી તરફથી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવશે. આનાથી પોલીસ સ્ટેશનો વચ્ચે નાગરિકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થશે.

તાજેતરમાં આ નવી પદ્ધતીના આધારે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં પોલીસ સ્ટેશનોની રેક્રિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

પ્રથમ સ્થાન મેળવનાર પોલીસ સ્ટેશનોના થાણા ઈન્ચાર્જને રાજ્ય પોલીસ વડાશ્રી દ્વારા પ્રશંસાપત્ર પાઠવવામાં આવ્યા છે.

કચ્છના નાનકડા ગામના પાબીબેન રબારી આજે પ્રખ્યાત એન્ટરપ્રિન્યોર છે, શાર્ક ટેક ઈન્ડિયામાં મળ્યું છે રૂા.૫૦ લાખનું ભંડોળ

## એક સમયે દિવસનો ૧ રૂપિયો કમાતા પાબીબેન રબારી આજે સેંકડો મહિલાઓને આપે છે રોજગારી, કચ્છની હસ્તકળાને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (VGRC)માં પાબીબેન રબારી જેવી ખમીરવંતી મહિલાઓની સાફલ્ય ગાથા પ્રકાશિત થશે**

ગુજરાતમાં કચ્છ જિલ્લો કળા અને હસ્તકળાની બાબતમાં હંમેશા અગ્રેસર રહ્યો છે. કચ્છના કુકડસર ગામમાં જન્મેલા પાબીબેન રબારીએ હસ્તકળા ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે અને રબારી ભરતકામને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી છે. ચોથા ધોરણમાં શિક્ષણ અધૂરું છોડી દેનારા પાબીબેન આજે સફળ એન્ટરપ્રિન્યોર છે અને અનેક મહિલાઓને રોજગારીની તકો આપે છે. ગુજરાતની આવી જ ખમીરવંતી મહિલાઓની સાફલ્ય ગાથા આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (**VGRC**)માં ઝળકશે અને અન્ય મહિલાઓને પણ પ્રેરિત કરશે.

દિવસનો રૂા.૧ કમાતા પાબીબેન આજે પ્રખ્યાત એન્ટરપ્રિન્યોર

કચ્છના કર્મવીર તરીકે જાણીતાં પાબીબેનનું જીવન પડકારભર્યું રહ્યું છે. પાંચ વર્ષની ઉંમરે પિતાને ગુમાવ્યા બાદ તેઓ માતા સાથે પાણી ભરવાનું કામ કરતા હતા. આ માટે તેમને રૂા.૧નું વેતન મળતું હતું. જો કે, પાબીબેને પડકારોને સ્વીકારીને નાની વયથી જ ભરતકામ શીખવાનું શરૂ કર્યું અને તેઓ આ કળામાં પારંગત બન્યા. એક સમયે પાબીબેન માત્ર એક રૂપિયો કમાતા હતા અને આજે તેઓ **PabiBen.com** (પાબી ડિઝાઈન્સ પ્રાઈવેટ લિમિટેડ) નામની એક વેબસાઈટ ચલાવે છે. હસ્તકળા ક્ષેત્રે આજે આ વેબસાઈટ જાણીતું નામ છે અને તે ૩૦૦થી વધુ મહિલાઓને રોજગારી આપે છે. તાજેતરમાં તેમને શાર્ક ટેક ઈન્ડિયામાં રૂા.૫૦ લાખનું ભંડોળ મળ્યું છે. શાર્ક ટેક ઈન્ડિયામાં તેમણે પરંપરાગત રબારી ભરતકામ અને ઈ-કોમર્સનું અનોખું મિશ્રણ દર્શાવીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

પાબીબેન અન્ય મહિલાઓ માટે પ્રેરણા સમાનઃ કચ્છની ભરતકળાને વૈશ્વિક સ્તરે નામના અપાવી

૨૦૧૭માં પાબીબેને પાંચ કારીગરો સાથે તેમના સફરની શરૂઆત કરી હતી અને આજે તેમણે સેંકડો મહિલાઓ માટે આર્થિક તકોનું સર્જન કર્યું છે. પાબીબેનનું હરી જરી વર્ક લોકપ્રિય છે, તો મોર, પતંગિયા, વૃક્ષ વગેરે કુદરતી ભાતના ટોટ બૅગ, સ્લિંગ બૅગ અને શોપિંગ બૅગ પણ લોકો પસંદ કરે છે. તેમની હસ્તકળા બોલિવૂડ અને હોલિવૂડની ફિલ્મોમાં પ્રદર્શિત થઈ છે અને સ્મિથસોનિયન ઈન્સ્ટિટ્યૂટ, ન્યૂ યોર્ક, ધ ટેક્સટાઈલ મ્યુઝિયમ, વોશિંગ્ટન ડીસી, તાજ ગ્રુપ ઑફ હોટેલ્સ, પીપલ ટ્રી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને સ્વીડનની ત્રણ વૈશ્વિક બ્રાન્ડ્સમાં સ્થાન મળ્યું છે. ખાસ તો, તેમણે ભરતકામ કરેલા કેડિયા અને કંજિરી રબારી પરંપરાને આધુનિક પેઢી સુધી પહોંચાડે છે.

હાલ કચ્છના અંજાર તાલુકામાં સ્થિત પાબીબેને પોતાના સાહસ થકી ગ્રામીણ સ્તરે ઉદ્યોગસાહસિકતાને ઉજાગર કરી છે અને કચ્છના સમૃદ્ધ ભરતકામના વારસાને વૈશ્વિક સ્તરે નામના અપાવી છે. પાબીબેને માત્ર કચ્છની જ નહીં, સમગ્ર રાજ્યની મહિલાઓને પ્રેરિત કરી છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપશે

આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (**VGRC**)માં પાબીબેન જેવી ઉદ્યમી મહિલાઓની સાફલ્યગાથાને પ્રકાશિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હેઠળ કુલ ચાર સ્થળોએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (**VGRC**)નું આયોજન કરવા જઈ રહ્યું છે. આ કોન્ફરન્સિસનો ઉદ્દેશ સ્થાનિક મહિલાઓને પરંપરાગત કૌશલ્યો અપનાવવા અને ટકાઉ આજીવિકા મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ રાજ્યની ઉદ્યોગસાહસિકતાને પ્રદર્શિત કરશે અને સર્જનાત્મકતાને નવી પાંખો આપશે.

## જામનગરઃ તંત્રની નિષ્ફળતાથી કંટાળ્યાઃ લોકોએ જાતે જ લાખાબાવડ-દરેડ રોડનું સમારકામ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર નજીક લાખાબાવડ અને દરેડ ગામને જોડતા મુખ્ય માર્ગની બિસ્માર હાલતથી કંટાળેલા સ્થાનિક નાગરિકોએ તંત્રની લાપરવાહી સામે અનોખો વિરોધ દર્શાવ્યો છે. અનેક રજૂઆતો છતાં માર્ગનું સમારકામ ન થતાં, લોકોએ સ્વયંભૂ ફાળો એકત્ર કરીને જાતે જ રોડ રીપેર કરવાનું બીડું ઝડપ્યું છે. લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ એક કિલોમીટરના માર્ગ પર મોટા ખાડા પડી ગયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. દૈનિક હજારો લોકો આ માર્ગનો ઉપયોગ કરતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહોતી. આખરે, સ્થાનિક લોકોએ કંટાળીને જાતે જ પહેલ કરી હતી. આ માર્ગને વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટે આશરે ૧૫ જેટલા નાગરિકોએ સાથે મળીને ફાળો એકત્ર કર્યો હતો. લગભગ રૂ. ૨૫,૦૦૦ નો ખર્ચ કરીને તેમણે પાંચ કલાક સુધી સતત શ્રમદાન કર્યું. ખાડાઓમાં માટી ભરીને અને તેને સમથળ કરીને તેમણે રસ્તાને તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તેવો બનાવ્યો છે. સ્થાનિક નાગરિકોએ કરેલા આ શ્રમદાનથી હાલ પૂરતી રાહત થઈ છે, પરંતુ આ એક કાયમી ઉકેલ નથી. લોકોની મુખ્ય માગ એ છે કે, સરકાર વહેલી તકે આ માર્ગનું નવીનીકરણ કરે જેથી આ વિસ્તારના રહેવાસીઓની હાલાકી કાયમી ધોરણે દૂર થાય. આ ઘટનાએ સ્થાનિક તંત્રની કામગીરી પર અનેક સવાલો ઊભા કર્યા છે, અને તે દર્શાવે છે કે જ્યારે તંત્ર નિષ્ફળ જાય છે, ત્યારે પ્રજા પોતે જ પોતાના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે આગળ આવે છે.

૨૦ હજાર લોકોએ રાતોરાત ગાઝા છોડ્યું

## ઈઝરાયલ મોટો હુમલો કરે તેવો ફફડાટ; અનેકના મોત

**ઈઝરાયલે ગાઝામાં સૈનિકોની સંખ્યા વધારી દીધી છે, તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

કતારમાં ૫૦ મુસ્લિમ દેશના નેતાઓ વચ્ચે બેઠક ચાલી રહી છે. આ બેઠક વચ્ચે ઈઝરાયલ ગાઝા પર સતત હુમલાઓ કરી રહ્યું છે. આ હુમલાના ભયમાં ગઈકાલે રાત્રે આશરે ૨૦,૦૦૦ લોકોએ ગાઝામાંથી પલાયન કર્યું હતું. મોટી સંખ્યામાં લોકો પોતાના બિસ્તરાં-પોટલા બાંધી દેશ છોડી રહ્યા છે. કોઈ પગપાળા, તો કોઈ ગાડીમાં સામાન ભરી પલાયન કરી રહ્યા છે. ઈઝરાયલે ગાઝામાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.



ઈઝરાયલે આજે સવારે કરેલા હુમલામાં ગાઝાના ૨૮ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના આ હુમલાઓના કારણે ગાઝામાં ભયનો માહોલ વધ્યો છે. વધુમાં નજીકના ભવિષ્યમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરની કોઈ અપેક્ષા જોવા ન મળતાં ગાઝાવાસીઓ ભયભીત બન્યા છે. ઈઝરાયલે કતારમાં પણ હુમલો કરી દેતાં સ્થિતિ વધુ વણસી છે. વધુમાં ઈઝરાયલે ગાઝાવાસીઓને સ્થળ ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું હોવાથી મોટો હુમલો થવાનો ફફડાટ વધ્યો છે.

ઈઝરાયલ હમાસમાં એક-પછી-એક હુમલા કરી રહ્યું છે. ગાઝાના લોકો માટે ભોજન પ્રદાન કરતા કેમ્પને પણ નષ્ટ કર્યા છે. તેની આ અડોડાઈને ધ્યાનમાં લેતાં દોહામાં ઈઝરાયલ વિરૂદ્ધ પ્રસ્તાવ રજૂ કરવાની વિચારણા થઈ રહી છે.

તદુપરાંત મુસ્લિમ દેશોની એકતા પણ આ મંચ પરથી વિશ્વ સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ ઈઝરાયલ ટસનું મસ થઈ રહ્યું નથી.

ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું હતું કે, તે ગાઝામાં સક્રિય એક-એક આતંકવાદીનો ખાતમો બોલાવશે. ગાઝામાં રહેતાં લોકોને અહીંથી નીકળી જવા એલર્ટ આપ્યું છે. ગાઝામાં કુલ ૧૦ લાખથી વધુ લોકો વસે છે. જેમાંથી ૨-૩ લાખ લોકોએ પલાયન કર્યું છે. ઈઝરાયલે ચેતાવણી આપી છે કે, ગાઝામાં રહેતાં લોકો દક્ષિણ હિસ્સામાં જઈ આશરો લઈ શકે છે. પરંતુ ત્યાં વસતાં તમામ લોકોમાં ભયનો માહોલ વધ્યો છે. તેઓ કોઈપણ વિસ્તારને સુરક્ષિત માની રહ્યા નથી. ઈઝરાયલે અપેક્ષાકૃત શાંતિપૂર્વ વિસ્તાર વેસ્ટ બેંકમાં પણ હુમલાઓ વધાર્યા છે. તદુપરાંત વેસ્ટ બેંકના તુબાસ, નાબલુસ અને ઉત્તરીય વેસ્ટ બેંકમાં પણ હુમલા કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે, એક બાજુ મુસ્લિમ દેશોની કતારમાં સમિટ ચાલી રહી છે, તો બીજી બાજુ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ઈઝરાયલમાં છે. તેમણે નેતન્યાહૂ સાથે આશરે ૩ કલાક બેઠક કરી હતી. એક ઈઝરાયલ અને ૫૦ દેશ નામની આ સમિટમાં નેતન્યાહૂ હાજરી આપવાના છે.

રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં લીધા શપથ

# મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કરતા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી અને ઉપમુખ્યમંત્રીશ્રીએ પાઠવી શુભેચ્છાઓ





ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવારના રોજ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. મુંબઈમાં રાજભવનના દરબાર હોલમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી ચંદ્રશેખરે આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ પદના શપથ લેવડાવ્યા. રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરતા ઉપસ્થિત સૌ કોઈમાં સુખદ આશ્ચર્ય ફેલાયું હતું.

શપથ ગ્રહણ બાદ મુખ્ય ન્યાયાધીશશ્રી, મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉપમુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદેએ રાજ્યપાલશ્રીને પુષ્પગુચ્છ આપીને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીને ભારતીય નૌસેના તરફથી વિશેષ સન્માન આપવામાં આવ્યું.

શપથ ગ્રહણ સમારોહની શરુઆતમાં રાષ્ટ્રગાન અને રાજ્યગાન સંપન્ન થયા બાદ મહારાષ્ટ્રના મુખ્ય સચિવશ્રી રાજેશ કુમાર દ્વારા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ દ્વારા આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ તરીકે નિયુક્તી અંગે બહાર પડાયેલી અધિસૂચનાનું પઠન કરવામાં આવ્યું. બાદમાં રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરી પદભાર સંભાળ્યો હતો. ત્યારબાદ ફરીથી રાષ્ટ્રગાન અને રાજ્યગાન સાથે શપથવિધિ પૂર્ણ થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલશ્રી સી. પી. રાધાકૃષ્ણન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પર ચૂંટાયા હોવાના કારણે આ પદ ખાલી પડ્યું હતુ. જે અનુસંધાને રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને મહારાષ્ટ્રના રાજ્યપાલ પદનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

આ શપથ ગ્રહણ સમારોહમાં લેડી ગર્વનર શ્રીમતી દર્શના દેવી સહિત પરિવારના સભ્યો, વિધાન પરિષદના અધ્યક્ષશ્રી પ્રો. રામ શિંદે, વિધાનસભાના અધ્યક્ષશ્રી રાહુલ નાર્વેકર, વિધાન પરિષદના ઉપાધ્યક્ષશ્રી ડૉ. નીલમ ગોરે, કૌશલ વિકાસ મંત્રીશ્રી મંગલપ્રભાત લોઢા, રમતગમત મંત્રીશ્રી માણિકરાવ કોકાટે, મુખ્યસચિવશ્રી રાજેશ કુમાર, પોલીસ મહાસંચાલકશ્રી રશ્મિ શુક્લા, અધિક મુખ્ય સચિવશ્રી મનીષા મ્હૈસકર, રાજ્યપાલના સચિવશ્રી ડૉ. પ્રશાંત નારનવરે, ઉપસચિવશ્રી એસ. રામમૂર્તિ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ અભિયાનનો થશે રાજ્યવ્યાપી પ્રારંભ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મ દિવસે થશે "સ્વસ્થ નારી , સશક્ત પરિવાર" અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

## ગુજરાતમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૦૨ ઓકટોબર ૨૦૨૫ સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ઉજવાશેઃ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫ મા જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ગુજરાત સહિત સમગ્ર દેશમાં "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો પ્રારંભ થશે . જેના અંતર્ગત વિવિધ આરોગ્ય વિષયક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.વધુ વિગતો આપતા આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે થી આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ થશે. જેમાં સુપર સ્પેશ્યાલીટી ડૉક્ટર જેવા કે હૃદય રોગ, કેન્સર અને કિડનીના નિષ્ણાંતો દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓનો લાભ અપાશે.

આ ઉપરાંત રાજકોટ ખાતે પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૦૨ ઓકટોબર, ૨૦૨૫ સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ચલાવવામાં આવશે.

મંત્રી શ્રીએ ઉમેર્યુ કે, આ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ સેવાઓ માત્ર રોગ થયા પછીની સારવાર સુધી મર્યાદિત ન રહેતાં રોગ થતો અટકાવવા, આરોગ્ય સુધારવા અને રોગની સારવાર માટે પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

કઈ કઈ સેવાઓનો લાભ મળશે ?

પૂર્વ પ્રસૂતિ અને પ્રસૂતા માતા સંબધિત સેવાઓ, રસીકરણ અને બાળ સ્વાસ્થ્ય સંબધિત સેવાઓ, કિશોરી સ્વાસ્થ્ય અંતર્ગત એનીમિયા



અને માસિક સ્વચ્છતા સંબધિત સેવાઓ, ડાયાબિટીસ, બી.પી, જેવા બિન ચેપી રોગો , ઓરલ, સર્વાઇકલ અને બ્રેસ્ટ કેન્સરનું સ્ક્રીનિંગ અને સારવાર સંબધિત સેવાઓ, સિકલ સેલ રોગ માટેનું સ્ક્રીનિંગ અને સારવાર, ટીબી, માનસિક સ્વાસ્થય, આંખ, ENT સેવાઓ અને ડેન્ટલ સંબધિત સેવાઓ, મેદસ્વિતા જાગૃતિ, દેહ/અંગદાન જાગૃતિ, આયુષ સેવાઓને સાંકળીને જેરિયાટ્રિક (વયોવૃધ્ધ નાગરિકો માટે) કેર, આયુષ્યમાન ભારત અને વય વંદન કાર્ડ સંબધિત સેવાઓ, રક્તદાન શિબિરો અને જાગૃતિ વિગેરે જેવી સેવાઓ આપવામાં આવશે.

વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છે. આમ રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે.

કયા ટેસ્ટ નિઃશુલ્ક કરાશે ?

આ પખવાડીયા દરમ્યાન તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે થનાર તમામ મેડિકલ કેમ્પમાં આરોગ્ય વિષયક સેવાઓ જેવી કે મેડિકલ ચેક-અપ, સ્ક્રીનિંગ, નિદાન, લેબોરેટરી ટેસ્ટ, ડાયગ્નોસ્ટિક ટેસ્ટ, રેડિયોલોજીકલ ટેસ્ટ જેવા કે એક્સ-રે, સોનોગ્રાફી, MRI સી.ટી. સ્કેન વગેરે નિઃશુલ્ક કરવામાં આવશે. વધુમાં ૧૫ દિવસના સમયગાળા દરમિયાન તબીબો દ્વારા કેમ્પમાં પ્રિસ્કાઈબ કરેલા ટેસ્ટને પછીથી પણ નિયતસમયમર્યાદામાં વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ ઉપરાંત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત રાજ્યમાં ૬૦૦ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય સેવાના આ પખવાડિયામાં રાજ્યની પ્રત્યેક મહિલાઓ તેમના પરિવારજનો સહિત તમામ નાગરિકોને બહોળી માત્રામાં કેમ્પનો લાભ લેવા માટે આરોગ્ય મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

મહિલાએ અમરાઈવાડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

# મોતના કેસમાં નકલી પોલીસે દંપતી પાસે ૧.૨૦ લાખ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમરાઈવાડીમાં નકલી પોલીસે અકસ્માત મોતના કેસમાં સમાધાન કરાવી આપવાનું કહીને દંપતી પાસેથી રૂ. ૧.૨૦ લાખ પડાવી લીધા હતા.

ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં મહિલાના પતિ સામે અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો. સામાવાળા પક્ષે સમાધાન માટે રૂ.૧૫ લાખની માગણી કરી હતી. આ અંગે મહિલાએ નકલી પોલીસ સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ખોખરામાં રહેતા ૩૯ વર્ષીય સ્ટેમીના ક્રિસ્ટી ઈસનપુરમાં હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેમના પતિ વિલીસ સ્કૂલવાન ચલાવે છે. ગત વર્ષ ૨૦૧૯માં વિલિસ સામે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત અંગેનો કેસ નોંધાયો હતો. આ કેસ કોર્ટમાં છે ત્યારે સામેવાળા પક્ષે સમાધાન માટે રૂ. ૧૫ લાખની માગણી કરી હતી.

તેથી સ્ટેમીના ચિંતામાં રહેતા હતા અને નિરાકરણ લાવવા મિત્રોને વાત કરી હતી. મિત્ર દ્વારા અમરાઈવાડીના અલ્કેશ પરમારને મળ્યા હતા. તેણે પોતે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોકરી કરે છે અને તમારૂ કામ પતાવી દઈશ તેમ કહી કેસના ડોક્યુમેન્ટો લઈ લીધા હતા. બાદમાં અલ્કેશે મહિલાને જણાવ્યું કે તમે ચિંતા કરશો નહીં, મારે ફરિયાદી સાથે સમાધાન અંગેની વાત થઈ ગઈ છે અને તેના પેટે તમારે રૂ.૧.૨૦ લાખ આપવા પડશે.

તેથી સ્ટેમીના અને પતિએ ટુકડે-ટુકડે કુલ રૂ. ૧.૨૦ લાખ અલ્કેશને આપ્યા હતા પરંતુ બાદમાં અલ્કેશ બહાના કાઢતો હતો અને તમને બોલાવું ત્યારે સહી કરવા આવી જજો તેમ કહ્યું હતુ. બાદમાં ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. તેથી અલ્કેશના ઘરે તપાસ કરતા તે કોઈ પોલીસમાં ન હોવાનું અને તે ખોટા કામો કરતો હોવાથી ઘરવાળાએ સંબંધ કાપી નાખ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ સારી સ્થિતિઃ હાલમાં ગુજરાતનો MMR ૫૧ છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૮૮ છે

# સુશાસનના ૪ વર્ષઃ નમો શ્રી યોજના બની માતૃત્વની ઢાલ, ૧૮ મહિનામાં ૬ લાખ માતાઓને મળી રૂા.૩૫૪ કરોડની આર્થિક સહાય

## નમો શ્રી યોજનાનો વધતો વ્યાપઃ દોઢ વર્ષમાં લગભગ ૧૧ લાખ મહિલાઓએ નોંધણી કરાવી, દરેક લાભાર્થીને રૂા.૧૨,૦૦૦ની આર્થિક સહાય મળે છે

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ૧૩ સપ્ટેમ્બરે સુશાસનના ૪ વર્ષ પૂર્ણ કર્યા. મુખ્યમંત્રીશ્રીએ આ દરમ્યાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને આગળ વધારતાં મહિલા સશક્તિકરણ અને માતૃ સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપી છે. આરોગ્ય નિષ્ણાતો માને છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે છેલ્લા ૪ વર્ષમાં માતા અને બાળ આરોગ્ય સેવાઓમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમાં રાજ્યની નમો શ્રી યોજનાનો મહત્વપૂર્ણ ફાળો છે. આ યોજનાએ દરેક વર્ગની સગર્ભા સ્ત્રીઓ અને માતાઓનું આરોગ્ય અને પોષણ સુનિશ્ચિત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, નમો શ્રી યોજના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વાકાંક્ષી યોજનાઓ પૈકીની એક છે, જે ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી. માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં આ યોજના ૬ લાખ ૨૧ હજારથી વધુ લાભાર્થીઓ સુધી પહોંચી છે, જેમને રૂા.૩૫૪ કરોડથી વધુની નાણાકીય સહાય સીધી તેમના બૅંક ખાતામાં જમા કરાવવામાં આવી છે. જો નોંધણીની વાત કરીએ, તો માત્ર દોઢ વર્ષમાં ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રાજ્યની લગભગ ૧૧ લાખ મહિલાઓ નમો શ્રી યોજના હેઠળ નોંધણી કરાવી ચૂકી છે.

પોષણથી આર્થિક સશક્તિકરણ સુધી, નમો શ્રી યોજના શું છે?

નમો શ્રી યોજના હેઠળ પાત્ર મહિલાઓને તેમના પહેલા બે જીવિત બાળકો માટે તબક્કાવાર રૂા.૧૨,૦૦૦ સુધીની નાણાકીય સહાય આપવામાં આવે છે, જે કેન્દ્રની પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) અને જનની સુરક્ષા યોજના (JSY) યોજનાઓના લાભો સાથે સંયુક્ત રીતે પૂરી પાડવામાં આવે છે.

પ્રથમ ગર્ભાવસ્થામાં ચાર તબક્કામાં સહાય પૂરી પાડવામાં આવે છેઃ નોંધણી પર રૂા.૫,૦૦૦ (રાજ્ય રૂા.૨,૦૦૦ + કેન્દ્ર રૂા.૩,૦૦૦), ગર્ભાવસ્થાના છ મહિના પછી રૂા.૨,૦૦૦ (રાજ્ય), સંસ્થાકીય પ્રસૂતિ પછી તરત જ રૂા.૩,૦૦૦ (રાજ્ય) અને ૧૪મા અઠવાડિયાના રસીકરણ બાદ રૂા.૨,૦૦૦ (કેન્દ્ર સરકાર દ્વારા).

અત્રે ઉલ્લેખનીય છે કે, બીજી ગર્ભાવસ્થા માટે સહાયની પ્રક્રિયા થોડી અલગ છે. આમાં, રાજ્ય સરકાર નોંધણી સમયે રૂા.૨,૦૦૦, છ મહિનાની ગર્ભાવસ્થા બાદ રૂા.૩,૦૦૦, સંસ્થાકીય પ્રસૂતિ પછી રૂા.૬,૦૦૦ (છોકરી હોય તો કેન્દ્ર તરફથી સહાય અને છોકરો હોય તો રાજ્ય સરકાર તરફથી સહાય) અને ૧૪મા અઠવાડિયાના રસીકરણ બાદ રાજ્ય સરકાર રૂા.૧,૦૦૦ આપે છે.

નમો શ્રી યોજના માટે અરજીની પ્રક્રિયા શું છે?

ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી નમો શ્રી યોજનાના લાભો હવે મહિલાઓ સુધી વધુ સરળ અને પારદર્શક રીતે પહોંચી રહ્યા છે. આ અંતર્ગત સગર્ભા મહિલાઓની નેંધણી આરોગ્ય કેન્દ્રથી માંડીને પ્રાદેશિક સ્તર સુધી રાજ્ય સ્તરના TeCHO+ પોર્ટલ પર કરવામાં આવે છે, જ્યાં લાભાર્થીને સંબંધિત જરૂરી દસ્તાવેજો અપલોડ કરવામાં આવે છે. ત્યારબાદ આ દસ્તાવેજોની ચકાસણી આરોગ્ય કેન્દ્ર અને તાલુકા સ્તરે કરવામાં આવે છે અને અંતિમ પુષ્ટિ રાજ્ય સ્તરે PFMS સિસ્ટમના માધ્યમથી થાય છે. આ પછી લાભાર્થી મહિલાના બૅંક ખાતામાં રકમ DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) દ્વારા જમા કરવામાં આવે છે. આ સુવ્યવસ્થિત પ્રક્રિયાએ મહિલાઓને સમયસર યોજનાનો લાભ મળે અને પારદર્શિતા જળવાય એ સુનિશ્ચિત કર્યું છે.

૨૦૧૩થી ૨૦૨૩ દરમ્યાન ગુજરાતમાં માતા મૃત્યુ દર (MMR)માં ૫૪.૫%નો ઘટાડો

ગુજરાતમાં ૨૦૧૩થી ૨૦૨૩ દરમ્યાન એટલે કે ૧૦ વર્ષમાં માતા મૃત્યુ દર (MMR) ૧૧૨ પ્રતિ ૧,૦૦,૦૦૦ જીવિત જન્મની સરખામણીમાં ૫૪.૫% ઘટીને વર્તમાનમાં (૨૦૨૩ સુધીના ડેટા મુજબ) ૫૧ પ્રતિ ૧,૦૦,૦૦૦ જીવિત જન્મ સુધી પહોંચી ગયો છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતની સ્થિતિ વધુ સારી છે. હાલમાં ગુજરાતનો MMR ૫૧ છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૮૮ છે. તો રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરતાં ગુજરાતે UN SDGના ૨૦૩૦ સુધીમાં માતા મૃત્યુ દરને ૭૦થી નીચે લાવવાના લક્ષ્યને સમય પહેલાં જ હાંસલ કરી લીધું છે.નોંધનીય છે કે, આ અસરકારક પરિણામો કેન્દ્ર અને રાજ્યની યોજનાઓનું સંયુક્ત પરિણામ છે. ગુજરાતમાં નમો શ્રી યોજનાની સાથે, SUMAN, PMSMA, મમતા, ખિલખિલાટ જેવી યોજનાઓ પણ સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણનું ધ્યાન રાખી રહી છે.

રોડની હાલત ખરાબ હોવાથી અકસ્માતનો ભય રહે છે

# રાજુલાના હિંડોરણા-ધાતરવડી પુલ પર જીવલેણ ગાબડાં પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજુલા

અમરેલીના રાજુલાના હિંડોરણા ધાતરવડી પુલ પર જીવલેણ ગાબડું પડ્યું છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ઉપર સતત ત્રીજી વખત ગાબડું પડતાં ખાડામાંથી બહાર લોખંડના સળીયા જોવા મળે છે, જેમાં વાહનચાલકો જોખમી રીતે રસ્તા પરથી પસાર થવા માટે મજબૂર થયા છે. રોડની હાલત ખરાબ હોવાથી અકસ્માતનો ભય રહે છે.

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા રાજુલાના હિંડોરણા ધાતરવડી પુલ ઉપર ગાબડું પડતાં મોટા-મોટા લોખંડના સળીયા દેખાય છે. મુસાફરો ત્યાંથી પસાર થાય છે તો રસ્તા પર ખાડા અને લોખંડના સળીયા હોવાથી ગંભીર અકસ્માત થવાની શક્યતા રહે છે.

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવેની ઘોર બેદરકારી સામે આવી છે. નેશનલ હાઈવે ઉપર ગાબડાં પડવાથી રાહદારીઓ પરેશાન છે. હાઈવેની હાલત ખરાબ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય કામગીરી કરવામાં આવી નથી. સવાલ એ થાય છે કે શું તંત્ર કોઈ ગંભીર અકસ્માત કે દુર્ઘટના થવાની રાહ જોઈ રહ્યું છે?

# હિંમત રૂડાણી હત્યા કેસમાં બે આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસમાં કોર્ટે બે આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે આ કેસમાં ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

પોલીસ દ્વારા આ કેસમાં આરોપીઓ રાહુલ અને પપ્પુ મેઘવાલની વધુ પૂછપરછ કરવા માટે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જ્યારે કોર્ટ દ્વારા ૫ દિવસના રિમાન્ડ મંજૂર થતા હવે પોલીસ આ બંને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ કરશે. આ પૂછપરછમાં હત્યા પાછળનો મુખ્ય હેતુ અને અન્ય કોઈ સંડોવાયેલા વ્યક્તિઓ વિશે માહિતી મેળવવામાં આવશે.

આ કેસમાં વધુ વિગતો આગામી દિવસોમાં બહાર આવવાની શક્યતા છે. બિલ્ડર મનસુખ લાખાણીએ જ હિંમત રૂડાણીની હત્યા માટે સોપારી આપી હતી. લાખાણી અને રૂડાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદના કારણે જ મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતરું ઘડ્યું હતું.

અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ બંને બિલ્ડરો નિકોલના ગંગોત્રી સર્કલ નજીકના એક જમીનના પ્લોટને લઈને લાંબા સમયથી લડી રહ્યા હતા. આ વિવાદ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં જાહેર થયો હતો, જ્યારે માલિકી હકને લઈને થયેલી બોલાચાલી બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તપાસ અધિકારીઓએ ખુલાસો કર્યો કે, હિંમત રૂદાણીના પુત્ર ધવલે મનસુખ લાખાણીના પુત્ર કિંજલ લાખાણી સામે CID ક્રાઈમના આર્થિક ગુના વિંગ (EOW)માં ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

જુગારીઓ પત્તા રમતા કેમેરામાં થયા કેદ

# અમદાવાદના દરિયાપુરનું જિમખાના ફરી વિવાદમા

## આ વખતે જિમખાનાના ત્રણેય માળ પર જુગારીઓ પત્તા રમતા હોવાનો વીડિયો વાયરલ, જેના કારણે ભારે હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલું અને અનેક વખત વિવાદોમાં સપડાયેલું મનપસંદ જિમખાના ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. આ વખતે જિમખાનાના ત્રણેય માળ પર જુગારીઓ પત્તા રમતા હોવાનો વીડિયો વાયરલ થયો છે, જેના કારણે ભારે હોબાળો મચી ગયો છે. મળતી માહિતી મુજબ, મનપસંદ જિમખાનાના અંદરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જુગારીઓ જુગાર રમી રહ્યા છે. વીડિયો ઉતારવામાં આવી રહ્યો છે તેવું જાણ થતા જ જુગારીઓ ત્યાંથી ભાગી ગયા હતા. વીડિયો ઉતારનાર વ્યક્તિ પોતે આ જગ્યાનો માલિક હોવાનો વીડિયોમાં દાવો કરી રહ્યો છે અને સાથે-સાથે એમ પણ કહી રહ્યો છે કે હું આ જગ્યાનો માલિક છું અને મેં અહીં જુગાર રમવાની કોઈ પરમિશન આપી નથી. જોકે, વીડિયોમાં જિમખાનામાં બેફામ જુગાર રમાઈ રહ્યો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, મનપસંદ જિમખાના અગાઉ પણ અનેકવાર વિવાદોમાં આવી ચૂક્યું છે. ભૂતકાળમાં પણ જુગાર સહિત અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ મામલે આ જિમખાનાનું નામ ચર્ચામાં રહ્યું છે. હાલ આ મામલો ફરી એકવાર ગરમાયો છે અને સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. આ મુદ્દે નગરજનોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સત્તાધીશો દ્વારા તાત્કાલિક પગલાં ભરવામાં આવે તેવી માગણી ઉઠી રહી છે.

વૃદ્ધાના ગળાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા

# ખોખરામાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગળું દબાવી હત્યા

## ઘટના અંગે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં હરીપુરાની ચાલીમાં બાજુમાં આવેલ ફુટ વાળી ચાલીમાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગઈ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના એકાએક મોત નીપજ્યું હતું. ૯૫ વર્ષીય ધનીબેન રામાભાઈ વાઘેલા છેલ્લા ઘણા વર્ષોથી ફુટ વાળી ચાલીમાં ભાડેથી મકાન રાખીને રહેતા હતા. જો કે, તેમનો દીકરો ખોખરા વિસ્તારમાં જ તેના પરિવાર સાથે રહેતો હોવાથી ધનીબેનના મોત અંગેની જાણ પાડોશીએ તેમના દીકરા બીપીનભાઈ વાઘેલાને કરતા તે દોડી આવ્યો હતો.

જ્યારબાદ મૃતક માતાને પોતાના ઘરે લઈને ગયો હતો. અંતિમ ક્રિયા કરવાની તૈયારી કરતા જ દીકરા બીપીનભાઈને માતાના ગળાના ભાગે ઈજાના નિશાન દેખાયા હતા. તેથી દીકરાએ આ અંગે ખોખરા પોલીસને જાણ કરતા ખોખરા પોલીસ આવી પહોંચી હતી. પોલીસે પોસ્ટમોટર્મ કરવાનું નક્કી કરતા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, વૃદ્ધાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. ત્યારે ખોખરા પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાની કલમ હેઠળ ફરિયાદ નોંધીને હત્યા કરનાર આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે ઘરની તપાસ કરતા દરેક કિંમતી ચીજ વસ્તુ સહીસલામત મળી આવી હતી. જેના કારણે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હત્યા કોઈ લૂંટ માટે કરવામાં આવી નથી. જો કે, આ હત્યા ક્યાં કારણે થઈ તેને લઈ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો

# રાજ્યભરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શાકભાજી માર્કેટને મોટું ગ્રહણ લાગ્યું છે. અમદાવાદમાં શાકમાર્કેટમાં અચાનક ગ્રાહકોની ભીડ ઓછી થવા લાગી છે, જેની પાછળનું કારણ એ છે કે શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક સમયે ૨૦ રૂપિયા કિલો મળતું શાક તો ૧૨૦ રૂપિયા કિલો મળવા લાગે તો શું થાય? માર્કેટમાં ઘરાકી ઓછી અને વેપારીઓને તંગદિલી જોવા મળે. આવો જ ઘાટ સર્જાયો છે અમદાવાદના શાકમાર્કેટમાં. માર્કેટમાં મહિલાઓ આવે છે, શાકના ભાવ પૂછે છે અને પછી ૧૦૦ રૂપિયા કિલો ભાવ જોતાં માત્ર ૨૫૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ શાકની ખરીદી કરે છે. અમદાવાદમાં શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો છે. રીંગણા, ચોળી, પાપડી, તુવેર, ગુવાર જેવાં શાકભાજીના ભાવ ૧૦૦ રૂપિયાથી વધારે છે, જેને કારણે લોકોનાં બજેટ પર અસર પડી રહી છે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ઃ ચોળી ૨૦૦ રૂપિયા કિલો, કોબીજ ૬૦ કિલો, ફુલાવર ૧૨૦ રૂપિયા કિલો, ભીંડા ૮૦ રૂપિયા કિલો, ગુવાર ૧૫૦ રૂપિયા કિલો, પરવળ ૧૨૦ રૂપિયા કિલો, તુરિયા ૧૦૦ રૂપિયા કિલો, દૂધી ૭૦ રૂપિયા કિલો, પાપડી ૧૫૦ રૂપિયા કિલો, રીંગણા ૧૦૦ રૂપિયા કિલો, કારેલાં ૮૦ રૂપિયા કિલો, ટિંડોળા ૨૪૦ રૂપિયા કિલો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫, જ્યારે એક મહિના પહેલાં આ જ શાકના ભાવઃ ચોળી ૬૦ રૂપિયા કિલો, કોબીજ ૨૦ રૂપિયા કિલો, ફુલાવર ૬૦ રૂપિયા કિલો, ભીંડા ૬૦ રૂપિયા કિલો, ગુવાર ૬૦ રૂપિયા કિલો, પરવળ ૮૦ રૂપિયા કિલો, તુરિયા ૫૦ રૂપિયા કિલો, દૂધી ૪૦ રૂપિયા કિલો, પાપડી ૭૦ રૂપિયા કિલો, રીંગણા ૪૦ રૂપિયા કિલો, કારેલાં ૪૦ રૂપિયા કિલો, ટિંડોળા ૧૦૦ રૂપિયા કિલો.વેપારીઓનું કહેવું છે કે. ભારે વરસાદના કારણે માલની આવક ઓછી થઈ અને તેને લઈને ભાવમાં મોટો વધારો છે. ગૃહિણીઓને આશા છે કે શિયાળા સુધી અમદાવાદમાં શાકભાજીના ભાવ ઘટી જશે. જ્યારે વેપારીઓના મતે વરસાદની સ્થિતિ નબળી પડતાં ધીમે ધીમે ભાવમાં ફરક આવતાં નવરાત્રિ સુધી ભાવ ઘટવાની આશા છે.